# રાજ્યનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૬.૯૧% પરિણામ

## બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાહેર કરાયું : સુબીર, છાપી, અલારસ કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા : ડભોઈ કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું ૫૬.૪૩ ટકા : વધારે પરિણામ ધરાવતો જિલ્લો ડાંગ રહ્યો છે

ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ જાહેર થઈ ગયું છે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાણી શકે છે. આ વર્ષે પરીક્ષા આપનારા કુલ ૮૬.૯૧ ટકા વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. વિધાર્થીઓ બોર્ડની વેબસાઈટપર પોતાનો રિસિપ્ટ નંબર દાખલ કરીને પરિણામ જોઈ શકે છે. આ પહેલા બોર્ડ તરફથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું.

આ વર્ષે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૮૬.૯૧ ટકા જાહેર થયું છે. જેમાં સુબીર, છાપી, અલારસ કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જ્યારે ડભોઈ કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું ૫૬.૪૩ ટકા આવ્યું છે. આ વર્ષે સૌથી વધારે પરિણામ ધરાવતા જિલ્લો ડાંગ રહ્યો છે. ડાંગ જિલ્લાનું પરિણામ ૯૫.૪૧% રહ્યું છે. સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો વડોદરા રહ્યો છે. વડોદરાનું પરિણામ ૭૬.૪૯% રહ્યું છે. આ વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૦૬૪ છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવામાં આવેલી ૧૨ની પરિક્ષાના પરિણામની રાહ હવે ખતમ થઈ ગઈ છે. આજે સવારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ બોર્ડની વેબસાઈટ રૈં:// ક્ષ્નજીહ્વ.િ્મિ/ પરથી જાહેર કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ ૬ જૂનના રોજ ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવશે.બોર્ડ તરફથી આપવામાં આવેલી સત્તાવાર માહિતી પ્રમાણે આ વર્ષે આ પરીક્ષામાં ૩,૩૭,૫૪૦ નિયમિત ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી ૩,૩૫,૧૪૫ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૨,૯૧,૨૮૭ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૮૬.૯૧% ટકા આવ્યું છે. જ્યારે અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૩૨,૧૪૩ ઉમેદવારો નોંધાયા હતા, તે પૈકી ૩૦,૦૧૪ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧૩,૬૪૧ ઉમેદવાર સફળ થયા છે. પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૫.૪૫ % આવ્યું છે.

આ પરીક્ષામાં ૨૨,૧૬૧ ખાનગી નિયમિત ઉમેદવારો નોધાયા હતા, જે પૈકી ૨૦,૧૮૯ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમાંથી ૯,૮૭૭ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. ખાનગી નિયમિત ઉમેદવારોનું પરિણામ ૪૮.૯૨ % આવ્યું છે. અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા ખાનગી પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૨૪,૫૬૭ ઉમેદવારો નોધાયેલા હતા, તે પૈકી ૨૨,૮૫૧ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧૦,૭૦૦ ઉમેદવાર સફળ થયા છે. આમ ખાનગી પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૬.૮૩% આવ્યું છે.

## દિવ્યાંગ સ્મિતે ડંકો વગાડ્યો

રાજકોટ, તા.૪

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર થઈ ગયુ છે. રાજકોટના વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ ના પરિણામમાં ડંકો વગાડી રહ્યાં છે. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો છે. ત્યારે રાજકોટના ધોળકિયા સ્કૂલનો વિદ્યાર્થી સ્મિત ચાંગેલાએ ૯૯.૯૭ પર્સન્ટાઈલ મેળવીને શાળા તથા પરિવારનું નામ રોશન કર્યુ છે. ખાસ વાત તો એ છે કે, સ્મિત શારીરિક ક્ષતિ ધરાવે છે. તેને એક જ જગ્યાએ બેસીને અભ્યાસ કરવો પડે છે. ત્યારે આખુ વર્ષ દિવસ-રાત જોયા વગર તેણે જે મહેનત કરી તેને તેનુ ફળ મળ્યુ છે. પરિણામ જાહેર થતા જ તે વ્હીલચેર પર સ્કૂલે પહોંચ્યો હતો. સ્મિત ચાંગેલાએ ૯૯.૯૭ પર્સન્ટાઈલ મેળવ્યા છે, જેમા ૯૫ ટકા આવ્યા છે. પરિણામ આવતા જ તે માતાપિતા સાથે ધોળકિયા સ્કૂલે પહોંચ્યો હતો. જ્યાં સ્કૂલ દ્વારા તેને મીઠાઈ ખવડાવી અને ગળામાં હાર પહેરાવીને શુભેચ્છા આપવામાં આવી હતી. પરિણામ વિશે સ્મિત કહે છે કે, હુ લખી કે ચાલી શક્તો નથી, બેસીને જ ભણવુ પડે, એક બેન્ચ પર બેસીને સતત ભણ્યા કરતો હતો. ઓનલાઈન કરતા ઓફલાઈન અભ્યાસ રહ્યો હોત તો મારું પરિણામ હજી વધ્યુ હોત. ઓફલાઈનમાં હોશિયાર વિદ્યાર્થીનુ પરિણામ સારુ એવુ દેખાય.




ગાંધીનગર ખાતે ૬૦ વર્ષથી વધુ વયના ખેલાડીઓ માટે ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની લૉન ટેનીસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સિંગલ કેટગરીમાં અતુલ બક્ષીએ રાજ્યકક્ષાએ તૃતીય સ્થાન મેળવીને ગાંધીનગર જીમખાના સહિત શહેરનું ગૌરવ વધાર્યુ છે.

## ગરમીમાં રાહતની ખબર : સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ૮મીથી વરસાદની આગાહી

અમદાવાદ, તા.૪

રાજ્યભરમાં કાળઝાળ ગરમી વચ્ચે રાહતના સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગે આગામી ૮ મી જૂનથી રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના અનુમાન અનુસાર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. પરંતુ મહત્વની વાત એ છે કે હજુ પણ આગામી બે દિવસ સુધી તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સુધી જોવા મળી શકે છે. જ્યારે બે દિવસ બાદ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળી શકે છે.

હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારીથી દમણમાં વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે.

દક્ષિણ ગુજરાતથી ભેજ વાળા પવન આવતા વરસાદી માહોલ સર્જાઇ શકે છે. એટલુ જ નહિ પરંતુ આ વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વાવાઝોડાની અસર પણ જોવા મળી શકે છે. આ વર્ષે દેશમાં ગયા વર્ષ કરતાં વધારે સારો વરસાદ થવાની આગાહી છે. ભારતીય હવામાન વિભાગએ આ વખતે જૂનથી સપ્ટેમ્બર સુધી દેશમાં ૧૦૩ ટકા વરસાદ થવાની શક્યતા રજૂ કરી છે. વિભાગે એક મહિના પહેલાં દેશમાં ૯૯% વરસાદ થવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. જૂનમાં પંજાબમાં પણ ચોમાસાની સીઝન દરમિયાન સામાન્ય કરતાં વધારે વરસાદ થવાનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે.




**જુગાડી સ્પોટ વડાપાવના નવા સ્ટોર પીડીપીયુ ખાતે શુભારંભ**

ગુજરાતની સ્વાદપ્રિય જનતા માટે ૨ જૂન-૨૦૨૨, પીડીપીયુ, રાયસણ ગાંધીનગર ખાતે જુગાડી સ્પોટ વડાપાવના સાતમા સ્ટોરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે સ્ટોરના માલિક ઉપરાંત જુગાડી સ્પોટ વડાપાવના કંપની તરફથી મલયભાઈ શાહ અને રોનક પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મલયભાઈએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અમે ગુજરાતની જનતા તેમજ અમદાવાદ અને ગાંધીનગર માટે અને બોમ્બે સ્ટાઈલ વડાપાવની અવનવી વેરાઈટીઓ આપેલ છે. ખાસ કરીને જેમાં વડાની સાઈઝ અમે મોટી રાખી છે જેમાં જમ્બો વડાપાવ, જંતરમંતર વડાપાવ, ઈન્ડી ઈટાલીયન વડાપાવ, વીઆઈપી વડાપાવ સાથે આજની યુવા સ્વાદ પ્રિય જનતા માટે તંદુરી વડાપાવ, સીઝવાન વડાપાવ એવી અનેક વેરાઈટીઓ આપેલ છે. કડી અને આ ગાંધીનગર ખાતે સાતમુ સ્ટોર્સ ખોલેલ છે. મલયભાઈએ જણાવ્યું હતું અને આવનારા સમયમાં સમગ્ર ગુજરાતમાં અમારા સ્ટોર્સ ખોલીશું. તેમને આજરોજ ઉદ્‌ઘાટન નિમિત્તે ગાંધીનગર ખાતે 'ફ્રી' વડાપાવનું પણ વિતરણ કરેલ હતું.

**પાલનપુર ખાતે રૂ. ૩૭.૨૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલ**

## નવનિર્મિત આઈકોનિક બસ પોર્ટનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ

**૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ થનારા સીસરાણા ૨૨૦ કે.વી. સબ સ્ટેશનનું ભૂપેન્દ્ર પટેલે ઇ-ભૂમિપૂજન કર્યુ**



પાલનપુર, તા.૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુરમાં ૨૯૭૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ૩૭.૮૨ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત આઈકોનિક બસ પોર્ટનું લોકાર્પણ અને ૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ થનારા વડગામ તાલુકાના સીસરાણા ૨૨૦ કે.વી. સબસ્ટેશનનું ઈ-ભૂમિપૂજન કર્યું હતું. રૂ. ૧૧૮ કરોડના ખર્ચ બનનારુ સીસરાણા સબ સ્ટેશન બનાસકાંઠા જિલ્લાના ૨૪ હજાર ખેડૂતો સહિત કુલ ૧ લાખ ૨૦ હજાર ગ્રાહકોને સતત વીજ પૂરવઠો પુરો પાડવામા ઉપયોગી બનશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ એસ.ટી. દ્વારા રાજ્યમાં આવા અદ્યતન સુવિધા સભર ૭ આઈકોનિક બસપોર્ટ પી.પી.પી. ધોરણે નિર્માણ થઈને પેસેન્જર સેવામા કાર્યરત છે અને ૧૦ સેટેલાઈટ બસ પોર્ટ નિર્માણાધીન છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે કહ્યું કે, આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર લોકહિત, જનકલ્યાણ અને અંત્યોદયના કાર્યોને પ્રાધાન્ય આપે છે. વિકાસના પાયામાં શિક્ષણ સ્વાસ્થ્ય અને સુરક્ષા એ ત્રણ બાબત મુખ્ય છે અને તે સૌને મળી રહે તેવું આયોજન સરકારે કર્યુ છે.ગામડામાં સારા રસ્તા, સારી આરોગ્ય સેવા, પૂરતી વીજળી આપીને આપણે આ ત્રણેય ક્ષેત્રોમાં અનેક વિકાસ કામો વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમા કર્યા છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

સામાન્ય માનવી, ગરીબ અને છેવાડાના લોકોને સુવિધા સરળતાથી મળે તેવો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈનો નિર્ધાર ૮ વર્ષોના તેમના સુશાસનમા પાર પડ્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ દ્રઢતા પૂર્વક જણાવ્યું હતું

મુખ્યમંત્રીએ કોરોના મહામારી દરમિયાન એસ.ટી. નિગમના કર્મચારીઓએ આપેલી સેવાઓની સરાહના કરતાં કહ્યું કે ૨૩ હજાર બસ દ્વારા ૬.૯૯ લાખ મુસાફરોને લાભ આપનારા એસ. ટી. ના આ સેવકો અભિનંદનને પાત્ર છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૫૬ કેસ : ૩૦ દર્દી સાજા થયા

**રાજ્યમાં કોરોનાના ૪૬,૪૧૨ રસીના ડોઝ અપાયા**

ગાંધીનગર, તા.૪

રાજ્યમાં કોરોનાના નવા ૫૬ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૦ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૧૫૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૯.૦૮ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૪૬,૪૧૨ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૯૩ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૨૯૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૧૫૭ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૨૬, વડોદરા કોર્પોરેશનમાં ૮, ગાંધીનગર કોર્પોરેશન ૪, જામનગર કોર્પોરેશન ૪, સુરત કોર્પોરેશન ૪, રાજકોટ કોર્પોરેશનમાં ૩, પાટણમાં ૨, ભાવનગર કોર્પોરેશન, દાહોદ, ગાંધીનગર, જામનગર કોર્પોરેશન અને સુરતમાં ૧-૧ કેસ નોંધાયા હતા.

## આજે વનશ્રી ટ્રસ્ટ દ્વારા સે-૨૮ ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૪

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વનશ્રી ટ્રસ્ટ દ્વારા નગરને હરિયાળું બનાવવા માટે ૧ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવશે તથા ૫૦માં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ૫૦ જેટલા વૃક્ષો ૫ જૂને વાવવામાં આવશે. જે સવારે ૮ થી ૧૦.૩૦ કલાક સુધી સરકારી એન્જીનીયરિંગ કોલેજ, સે-૨૮ ખાતે કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, ચેરમેન જશવંતભાઈ પટેલની ઉપસ્થિતિમાં વનશ્રી ટ્રસ્ટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

## મે મહિનામાં સાયન્સ સિટીની ૧.૩૯ લાખ મુલાકાતીઓએ મુલાકાત લીધી

**અત્યાર સુધીની આ સૌથી વધુ મુલાકાતીઓની માસિક સંખ્યા નોંધાઈ**

ગાંધીનગર, તા. ૪

સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની દૃષ્ટિ સાથે તૈયાર કરાયેલા સાયન્સ સિટી ખાતે આ વર્ષે ઉનાળુ વેકેશન દરમિયાન મુલાકાતીઓની સંખ્યા રેકોર્ડ બ્રેક આંકડો જોવા મળ્યો છે. આ વર્ષે (૨૦૨૨) માત્ર મે મહિનામાં ૧.૩૯ લાખ મુલાકાતીઓએ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત સાયન્સ સિટીની મુલાકાત લીધી છે. એટલે કે ૨૦ વર્ષ પહેલાં સાયન્સ સિટીની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીની આ સૌથી વધુ મુલાકાતીઓની માસિક સંખ્યા નોંધાઈ છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તાજેતરમાં ખુલ્લી મુકાયેલી એક્વેટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચર પાર્ક મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સાયન્સ સીટી ખાતેની એક્વેટિક ગેલેરી અત્યાધુનિક સિસ્ટમથી સજ્જ છે, જે ભારતનું સૌથી મોટું એક્વેરિયમ છે. અહીં આવતા મુલાકાતીઓને સમુદ્રી દુનિયાના યાદગાર અનુભવ માટે આ એક્વેરિયમ તૈયાર કરવામાં આવ્યું છે. આ એક્વેરિયમમાં અલગ-અલગ ૬૮ ટેન્કમાં શાર્ક સહિતની ઘણી પ્રજાતિઓ જોવા મળે છે અને આ માટે ૨૮ મીટરની અંડરવોટર વોક વે ટનલ પણ તૈયાર કરવામાં આવી છે.

આ એક્વેટિક ગેલેરીનું મહત્વનું પાસુ એ છે કે અહીં ૧૮૮ પ્રજાતિની ૧૧,૬૦૦થી વધુ માછલીઓ એક છત નીચે જોઈ શકાય છે. અહીં ગેલેરીમાં ઈન્ડિયન ઝોન, એશિયન ઝોન, આફ્રિકન ઝોન, અમેરિકન ઝોન, ઓસિયન્સ ઓફ ધ વર્લ્ડ સહિતના ૧૦ અલગ-અલગ ઝોનની જળચર સૃષ્ટિ દર્શાવવામાં આવી છે. દરિયાઈ દુનિયાના રોમાચંક અનુભવ માટે ૫-ડી થિયેટર પણ છે.

## અમૂલ ડેરીએ દૂધના ખરીદ ભાવમાં આખરે કર્યો વધારો

**પ્રતિ કિલો ફેટના ૭૩૦ના વધીને રૂપિયા ૭૪૦ કરી દીધા છે જેના લીધે ૬ લાખ પશુપાલકોને મોટો લાભ થશે**

આણંદ, તા.૪

આણંદ,ખેડા,મહિસાગર જિલ્લાના ૬ લાખ પશુપાલકો માટે સારા સમાચાર આવી ગયા છે. ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન એટલે કે અમૂલ ડેરીએ દૂધના ખરીદ ભાવમાં રૂ.૧૦નો વધારો કર્યો છે.પ્રતિ કિલો ફેટના રૂ.૭૩૦ના વધીને રૂ.૭૪૦ કરી દીધા છે જેના લીધે આણંદ,ખેડા,મહિસાગર જિલ્લાના ૬ લાખ પશુપાલકોને મોટો લાભ થશે. ગત વર્ષ ૨૦૨૧માં અમુલનું વાર્ષિક ટર્ન ઓવર ૧૦ હજાર કરોડ પાર પહોંચ્યું છે. ગયા વર્ષે દૂધ ની આવક ૧૩૧ કરોડ લીટર થઈ હતી.ચાલુ વર્ષે ૧૫૦ કરોડ લીટર દૂધ ની આવક થઈ છે. ખેડુતો ને અંતિમ ભાવ ની રકમ માં પણ ૯.૩૭ ટકા નો વધારો કરાયો હતો. ગત વર્ષે ૩૨૦ કરોડ અંતિમ ભાવ ની ચુકવણી થઈ હતી. ચાલુ વર્ષે ૩૫૦ કરોડ થી વધુ રકમ ખેડૂતોને ચૂકવાઈ છે.

૧ માર્ચથી અમૂલ ગોલ્ડ, અમૂલ શક્તિ, અમૂલ તાજા સ્પેશિયલના ભાવમાં તેમજ છાસ અને દહીના ભાવમાં પણ પ્રતિ લીટર બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા અમૂલ દૂધના છાશ અને દહીંમાં ભાવ વધારા બાદ અમુલ દ્વારા પશુદાણમાં પણ વધારો ઝીંકવામાં આવ્યો હતો. અમુલ ન્યુટ્રી ગોલ્ડ ૫૦ કિલો દાણના ભાવ ૧૩૫ જેટલો વધ્યો, જ્યારે અમુલ ન્યુટ્રી રિચ ૫૦ કિલોમાં ૨૦૦ રૂપિયાનો વધારો, ૧૧ માર્ચ ૨૦૨૨થી થશે નવો વધારો લાગુ થઈ ગયો હતો. સાથે સાથે આ અગાઉ અમુલે પશુપાલકોને અપાતી કિંમતોમાં પણ વધારો કર્યો હતો પ્રતિ કીલો ફેટે પશુપાલકોને રૂ.૩૫ને સ્થાને રૂ૪૦ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. દૂધ બાદ બટરના ભાવમાં પ્રતિ કિલોએ વધારો કરવામાં આવ્યો હતો. હવે ૧૦૦ ગ્રામ બટર પેકિંગ હવે રૂ.૫૦ને સ્થાને રૂ.૫૨માં મળશે, ૫૦૦ ગ્રામ બટર પેકિંગ રૂ.૨૪૫ના બદલે રૂ.૨૫૦માં મળશે જ્યારે એક કિલો બટરની કિંમત રૂ.૫૩૦થી વધીને રૂ.૫૫૦ પહોંચી છે.

### પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રથમ સ્થાને રહ્યા છે. આ ઉપરાંત કડી કેમ્પસ સંચાલિત આર સી પટેલ સ્કુલના પણ પાંચ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જયારે કડી કેમ્પસની આર જી કન્યા વિદ્યાલયની બે વિદ્યાર્થીનીએ પણ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે આ ઉપરાંત સે-૨૩ એમ બી પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કુલની વિદ્યાર્થીનીએ પણ એ વન ગ્રેડ પ્રાપ્ત કરીને શાળાનુ ગૌરવ વધાર્યુ છે. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ડભોડા ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ આવ્યુ છે. ડભોડા કેન્દ્રએ ૯૭.૬૧ ટકા પરિણામ પ્રાપ્ત કરી પ્રથમ સ્થાન મેળવ્યુ છે. આ ઉપરાંત નાંદોલ કેન્દ્રનુ પરિણામ પણ ૯૬.૦૮ ટકા આવ્યુ છે. લિંબોદ્રા કેન્દ્રનુ પરિણામ પણ ૯૫.૭૬ ટકા આવ્યુ છે. જયારે સૌથી ઓછુ પરિણામ અડાલજ કેન્દ્રનુ ૭૬.૧૮ ટકા રહ્યુ છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ આજે પરિણામ જાહેર કરાયા બાદ શહેરની મોટાભાગની શાળાના વિદ્યાર્થીઓએ આગળ સી એ થવા માટે અભ્યાસ કરવાની ખેવના વ્યકત કરી છે. એન કે સ્કુલ ઓફ કોર્મસના વિદ્યાર્થીઓએ પણ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કરી શાળાનુ ગૌરવ વધાર્યુ છે. શાળાનુ પરિણામ પણ સૌથી વધુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. આ ઉપરાંત એ વન ની સાથે શહેરની શાળાઓમાં એ ટુ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ રહી છે. ગાંધીનગર કેન્દ્ર પરથી ૧૭૯૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૨૩૧ વિદ્યાર્થીઓને સફળતા મળી નથી. જયારે ગાંધીનગર સાઉથના કેન્દ્ર પરથી ૮૬૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા આ પૈકી ૧૧૮ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થઈ શકયા નથી.

### ઘઉંનો સ્ટોક

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવામાં આવ્યો હતો. આ વર્ષે ૧૭.૨૬ લાખ ખેડૂતોએ સેન્ટ્રલ પૂલ માટે ઘઉં વેચ્યા છે. અત્યાર સુધીમાં તેમાંથી ૧૫.૧૨ લાખ ખેડૂતોને ૩૩,૧૬૮.૭૪ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે.

ઘઉંની ખરીદીમાં જોવા મળેલા ઘટાડા પાછળ ૨ કારણો મુખ્ય હોવાનું માનવામાં આવે છે. પહેલું તો રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ઘઉંનો સપ્લાય ઘટ્યો છે અને કિંમતો ખૂબ જ વધી ગઈ છે. શરૂઆતમાં ભારતે પણ ઘઉંની નિકાસમાં તેજી દેખાડી અને સરકાર પણ તેના પર ભાર આપી રહી હતી. જોકે ત્યાર બાદ માર્ચ મહિનાથી તાપમાન વધવાના કારણે ઘઉંના પાકને નુકસાન થવાથી દાણા સંકોચાઈ ગયા હોવાની જાણ થઈ હતી. ખાસ કરીને ઉત્તરી રાજ્યોમાં આ સ્થિતિ સર્જાઈ હતી જેથી કુલ ઉત્પાદન ઘટ્યું હતું. ખરીદી વધારવા માટે સરકારે ૧૫ મેના રોજ નિયમોમાં ઢીલ આપી હતી અને ૧૮ ટકા જેટલા સંકોચાયેલા દાણાઓને કિંમતમાં કોઈ પણ પ્રકારના કાપ વગર સ્વીકારવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. તેમ છતાં ખરીદીમાં કોઈ તેજી નહોતી નોંધાઈ.

### આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાવિકાસ અઘાડી સરકારે કોરોનાને કાબૂમાં લેવા માટે ચર્ચા કરવા ટાસ્ક ફોર્સની બેઠક બોલાવી હતી. આ બેઠકના સલાહ-સૂચનોના આધારે તાત્કાલિક ધોરણે માસ્ક ફરજિયાત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. ટાસ્ક ફોર્સે એ બાબતે પણ નારાજગી વ્યકત કરી હતી કે એક તરફ રાજ્યમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે અને બીજી તરફ છેલ્લા એકાદ મહિનાથી ટેસ્ટિંગની સંખ્યામાં પણ ઉત્તરોતર ઘટાડો કરવામાં આવી રહ્યો છે.

સતત વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને બીએમસી કમિશનર ઈકબાલ ચહલે સ્પષ્ટ સૂચનાઓ આપતા અધિકારીઓને કહ્યું કે, દૈનિક કોરોના ટેસ્ટિંગની સંખ્યા વર્તમાન ૮૦૦૦ કોવિડ ટેસ્ટથી વધારીને ૩૦,૦૦૦થી વધુ કરવી જોઈએ. હાલમાં શહેરમાં કોરોના સંક્રમણનો દર ૮% પર પહોંચી ગયો છે.

### ચોમાસુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક ભાગ, બંગાળની ખાડીના ઉત્તરપૂર્વ અને પૂર્વ મધ્ય ભાગના કેટલાક વિસ્તારમાં આગળ વધ્યું છે સાથે તે મિઝોરમ, નાગાલેન્ડ અને મણિપુરના ઘણા વિસ્તારમાં પહોંચી ચુક્યું છે. મોનસૂનની શરૂઆતને કારણે ૯ જૂનની સવાર સુધી કૂચબિહાર, જલપાઈગુડી, અલીપુરદ્વાર, દાર્જિલિંગ અને કલ્મિપોંગ જિલ્લામાં ભારે વરસાદનું અનુમાન વ્યક્ત કર્યું છે. આગામી પાંચ દિવસ બંગાળના ગંગાવાળા જિલ્લામાં વીજળી ચમકવા સાથે હળવા વરસાદની સંભાવના છે. ભારતના દક્ષિણી પ્રાયદ્વીપ તરફ અરબ સાગરથી આવી રહેલ મોનસૂન હવાઓને ધ્યાનમાં રાખી હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી કર્ણાટકના સમુદ્રી વિસ્તાર અને દક્ષિણના અંદરના વિસ્તાર, કેરલ, માહે અને લક્ષદ્વીપમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગ અનુસાર આવનારા પાંચ દિવસમાં આંધ્ર, તેલંગણા, ઉત્તરી કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક વિસ્તારમાં વરસાદ થઈ શકે છે.